www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 16 ISSUE : 17 DATE: 01- 12 -2024 (વિક્રમ સંવત ૨૦૮૧ કારતક વદ અમાસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


## દીપક નાઈટ્રાઈટ દહેજમાં પોલીકાર્બોનેટ પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦ કરોડના ખર્ચની જાહેરાત કરી; ટ્રીનસોનો પ્લાન્ટ જર્મનીથી સ્થાનાંતરિત કરવામાં આવશે

દીપક નાઈટ્રાઈટ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની દીપક કેમ ટેક લિમિટેડ (DCTL) એ પોલીકાર્બોનેટ (PC) રેઝિન્સના ઉત્પાદન માટેના પ્રોજેક્ટને ગ્રીન ફિલ્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ એન્જિનિયરિંગ ટેકનોલોજી સાથે લગભગ રૂ. ૫,૦૦૦ કરોડના રોકાણ પર શરૂ કરવા માટે મંજૂરીની જાહેરાત કરી છે.

કંપની અમેરિકન પોલિમરકંપની, ટ્રિન્સિયો પાસેથી પીસી એન્જિનિરીંગ ટેકનોલોજીનું લાઈસન્સ લેશે. સાથે સાથે ટ્રિન્સિયો નો પ્લાન્ટની પરિસંપત્તિઓ પણ મેળવશે, જેમાં તમામ ઈક્યુપમેન્ટનો પણ સમાવેશ થાય છે, જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૬૫,૦૦૦ મીટ્રિક ટન (એમટી) છે. અત્યારે આ પ્લાન્ટ જર્મનીના છે. આ એગ્રીમેન્ટ માં Calibre રેઝિન અને ટ્રેડમાર્કનો પણ સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

ટ્રિંસિયો પ્લાન્ટ ટ્રાન્સફર કરવામાં ડીસીટીએલ ને સહયોગ કરશે તેમજ પ્લાન્ટ કમીશનીંગ કરાવવામાં પણ મદદ કરશે, કંપની વર્ષ ૨૦૨૮ના નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં પ્લાન્ટ કાર્યરત કરવાનું ધ્યાય ધરાવે છે.

પીસી એ બહુમુખી એન્જિનિરીંગ પોલિમર છે. તે ઑટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, કન્સ્ટ્રકશન, એપ્લાયિન્સસ અને મેડિકલ સાધનો બનાવવા વપરાય છે. અત્યારે PC રેઝિનનું ઉત્પાદન ભારતમાં થતું નથી.

DCTL એ તેની પ્રેસ્સનોટમાં જણાવ્યું છે કે Caliber રેઝિન્સના ઉત્પાદનથી વિશ્વસનીયતા સાથે ઘરેલુ ઉત્પાદન શરુ થતા હાલના અને ઘરેલુ ગ્રાહકોને સંતોષવામાં આવશે. અત્યારે ભારત વર્ષે ૨૪૦૦૦ મેટ્રિક ટન કરતા વધારેની આયાત કરે છે.

વિકાસ અંગે ટિપ્પણી કરતાં, દીપક નાઈટ્રાઈટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર દીપક સી મહેતાએ જણાવ્યું હતું કે "DCTL અને Trinseo વચ્ચેનો આ ઐતિહાસિક સહયોગ ડાઉનસ્ટ્રીમ કંપાઉન્ડમાં ભાગીદારીની શરૂઆત કરે છે, તેમજ ઉચ્ચ ગુણવત્તાની એન્જિનિયરિંગ પોલિમર્સની ભારતની વિપુલ માંગને પહોંચી વળવા માટે એકીકૃત જોડાણ છે. વિશ્વસ્તરીય ક્ષમતાઓ અને જબરદસ્ત વિશ્વસનીયતા સાથે જોડાયેલી 'મેડ ઈન ઈન્ડિયા' ટેગલાઈન બ્રાન્ડ અદ્યતન સામગ્રી ક્ષેત્રમાં તકોની નવી ક્ષિતિજો ખોલે છે."

## બુલેટ ટ્રેનની કિમ ખાતેની સ્લેબ મેન્યુફેકચરીંગ ફેકટરીની આકસ્મિક મુલાકાતે આવેલ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ





કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માંગરોળ તાલુકાના કિમ ખાતે બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. અહીં ૧૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલી સ્લેબ ફેક્ટરીમાં થઈ રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિ.ના મેનેજરે કેન્દ્રીય રેલવે મંત્રીને ફેક્ટરીની સમગ્રલક્ષી કાર્યપદ્ધતિથી માહિતગાર કર્યા હતા.

બુલેટ ટ્રેનમાં ટ્રેક સ્લેબ મહત્વનું કોમ્પોનન્ટ હોય છે. જેના પર ટ્રેનના પાટા ફીટ થતા હોય છે. આ સ્લેબ જાપાનીઝ ટેકનોલોજીથી ખૂબ ચીવટથી બનાવવામાં આવે છે. કિમમાં આવેલી ટ્રેક સ્લેબ ફેક્ટરીમાં સ્લેબ બનાવવાનું કામ પૂરજોશમાં થઈ રહ્યું છે. આ ફેક્ટરી દુનિયાની સૌથી મોટી ટ્રેક સ્લેબ ફેક્ટરીઓમાંની એક છે. અહીં જાપાનની અદ્યતન શિંકનસેન ટેક્નિકનો ઉપયોગ કરીને ઉચ્ચ ક્ષમતાવાળા બેલાસ્ટલેસ ટ્રેક સ્લેબ બની રહ્યા છે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર (MAHRC) પ્રોજેક્ટની કુલ લંબાઈ ૫૦૮ કિલોમીટર (ગુજરાત અને દાદરાનગર હવેલીઃ ૩૫૨ કિમી, મહારાષ્ટ્રઃ ૧૫૬ કિમી) છે. જેમાં ૧૨ સ્ટેશનો મુંબઈ, થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ/નડિયાદ, અમદાવાદ, સાબરમતી બનાવવામાં આવશે. આ કોરિડોરમાં આવતી નદીઓ પર ૧૩ પુલો બનશે, જેમાં વલસાડ જિલ્લાની પાર, કોલક અને ઔરંગા નદી, નવસારીની પૂર્ણા, મિંઢોળા, કાવેરી, ખરેરા, વેંગાણીયા અને અંબિકા, વડોદરાની ઢાઢર, ખેડાની વાત્રક, મોહર અને મેશ્વો નદી પર પૂલ બનશે. પાંચ સ્ટીલ બ્રિજનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

પ્રી-કાસ્ટ રિઈન્ફોર્સ્ડ કોંક્રિટ ટ્રેક સ્લેબ સામાન્ય રીતે ૨૨૦૦ મી.મી. પહોળા, ૪૯૦૦ મી.મી. લાંબા અને ૧૯૦ મી.મી.જાડા હોય છે અને દરેક સ્લેબનું વજન લગભગ ૩.૯ ટન હોય છે. અહીં દરરોજ ૧૨૦ સ્લેબ તૈયાર થાય છે.

કુલ લક્ષ્યાંક ૯૬ હજાર સ્લેબ તૈયાર કરવાનો છે. જેનાથી મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર અને દાદરાનગર હવેલી (૩૫૨ કિમી) માટે ૨૩૭ કિલોમીટરના હાઈ સ્પીડ રેલટ્રેક માટે ટ્રેક સ્લેબ તૈયાર થશે.

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS &TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

ECOSYSTEM RESOURCE MANAGEMENT PVT. LTD.
ECO CHEM SALES & SERVICES
ECO GROUP OF COMPANY
Mrs. Rekha Shah (Director)
+91 99279 34111
eco@ecoshripad.com
SERVICES :-
- Environment Audit
- Effluent Treatment Chemical
- Environment Counsultancy : EIA / EC / CRZ / Forest Clearance / Permits
- Effluent Treatment Plant & Operation & Maintenance
- Environment Monitoring & Testing Laboratory (MoEf / NABL Approved)
- Turnkey Project - ETP / STP / WTP / RO
Head Office Address
Office Floor, Ashoka Pavilion - A, Opp Kapadiya Health Club, New Civil Char Rasta, Surat, Gujarat - 393001 Mo :- 84605-45050, 88640-69151
Branches Office
VAPI, Mo:- 94262-63805
DAHEJ, Mo :- 81600-92635

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

Looking FOR POTENTIAL INVESTOR
Pharma Future!
Medikament Pharma Seeks Strategic Investors For Our API & Intermediates Plant, Equipped With Cutting-Edge Technology.
- Investment Opportunity: Up To ₹ 26.70 Cr
- Prime Location: Near Bharuch, Gujarat - A Major Pharma Hub
Murtuza Vasan: (+44) 7545489894, (+91) 93130 62858
medikamentpharma@gmail.com
www.medikamentpharma.com
Medikament PHARMA

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

TOTAL SOLUTION CONSULTANCY
We are Provide Services to IT & Non - IT Industries
- Recruitment
- Pre - Employment Checkup
- Training & Development Program
- Compliance Audit
- Liasoning With All Government Bodies
- Monthly Support to HR Function (Monthly Challan, Compliance, Maintain Register, HR Policies & Customizes HR Process Setup)
Nimisha Bhatt
(Mo.: +91 99740 43023, +91 87804 89179)
Email: tsconsultancy4@gmail.com
Address: B/29, Karelibaug Society, B/h. Bright School, VIP Road, Vadodara - 390019

# તંત્રીલેખ

## જીએસટી કંઈ લૂંટ છે?

ગયા જૂન ૨૦૨૪માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)નું કુલ કલેક્શન રૂ. ૧.૭૪ લાખ કરોડ હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં ૭.૭ ટકા વધુ હતું, પરંતુ એ સાથે જ સરકાર ગભરાઈ ગઈ કે આટલુ અધધ કરસંપાદન એમના પ્રત્યેની વધતી અપ્રિયતાને પ્રોત્સાહન આપશે. એટલે ત્યારથી આ પ્રકારની માહિતી સામાન્ય રીતે એટલે કે વિગતો સાથે અખબારી યાદીની મદદથી જાહેર કરવા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. હવે ટેક્સ કલેક્શનના આંકડા પત્રકારોને અનૌપચારિક રીતે જણાવવામાં આવે છે અને એનો બહુ પ્રચાર ન કરવાની સપ્રણામ વિનંતી કરવામાં આવે છે. સમાચાર એવા પણ છે કે હવેથી તેને આ રીતે જ રિલીઝ કરવામાં આવશે. આ ફેરફાર મુશ્કેલીકારક છે અને તેનાથી બચવું જોઈએ. એવા સમયે જ્યારે પારદર્શિતા અને માહિતીનું સમયસર પ્રકાશન નિર્ણાયક બની ગયું છે, ખાસ કરીને જ્યારે ભારત વધુ વિદેશી રોકાણ આકર્ષવા ચાહે છે, જે નિયમિત પ્રક્રિયા બની ગઈ છે તેને નકારી કાઢવી ખોટી સાબિત થઈ શકે છે. વળી, કેન્દ્ર સરકાર આ આંકડાને અલ્પ પ્રસારિત રાખવા ત્યારે ઈચ્છે છે કે જ્યારે થોડા દિવસ પહેલા જ ભારત સરકારના બોન્ડને પ્રથમ વખત વૈશ્વિક ઈન્ડેક્સમાં સામેલ કરવામાં આવ્યા છે.

જીએસટી પ્રણાલિકાને હજુ પણ ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે કેટલાક સુધારાની જરૂર છે, પરંતુ તે સુધારાઓ સરકાર કરે એમ હવે લાગતું નથી, કારણ કે છેક અરૂણ જેટલીના જમાનાથી જે વાત સરકાર માનતી નથી તે હવે માને એવો કોઈ અણસાર દેખાતો નથી. નાણાકીય બજારના વિશ્લેષકો અને રોકાણકારો સહિત ઘણા લોકો તેના પર નિયમિત નજર રાખે છે. ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) જેવા સત્તાવાર ડેટા, વિલંબ પછી બહાર પાડવામાં આવતા હોવાથી, જીએસટી સંપાદન દ્વારા અર્થતંત્ર કેવી રીતે કાર્ય કરી રહ્યું છે તેની વ્યાપક સમજ મેળવવામાં પણ વિલંબ થાય છે. એનડીએ સરકારની તકલીફ એ છે કે ગ્લોબલ રેટિંગ વધારવું છે, પરંતુ જિદ્દી થઈને કેટલાક સુધારા તો નથી જ કરવા. ભાજપના નેતાઓમાં આમ પણ એક ભૂત ભરાયેલું છે કે સુધારો કરીએ એનો અર્થ ભૂલની કબૂલાત થાય. તો સુધારો જ ન કરવો. આ અજ્ઞાની મનોદશા છે.

રસપ્રદ વાત એ છે કે પ્રેસ રિલીઝ બંધ કરવા પાછળનું એક કારણ એ છે કે તેનાથી એવું વાતાવરણ ઊભું થાય છે કે જાણે સરકાર વધુ પડતો ટેક્સ વસૂલ કરી રહી છે. સરકારની જેવી છે તેવી પણ આ માન્યતા સાચી છે. દેખીતી રીતે, માસિક આંકડા જાહેર કરવાનું બંધ કરવા પાછળનું સત્તાવાર કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ કર વસૂલાતનું સ્તર તેનું કારણ હોઈ શકે નહીં. આ ઘણાં સ્તરો પર ખોટું છે. પ્રથમ, જીએસટી કલેક્શન એકલા કેન્દ્ર સરકારનું નથી. આમાં રાજ્યોનો પણ હિસ્સો છે. તેમાં વળતર ઉપકરની વસૂલાતનો પણ સમાવેશ થાય છે, જેનો ઉપયોગ હાલ તો રોગચાળા દરમિયાન રાજ્યોની આવકની ઘટને પહોંચી વળવા માટે લેવામાં આવેલી લોનની ચૂકવણી કરવા માટે થાય છે.

બીજું, સરકારની સામાન્ય બજેટ ખાધ પણ ઉચ્ચ સ્તરે રહે છે અને વર્તમાન વર્ષમાં જીડીપીના ૭.૫થી ૮ ટકાની વચ્ચે હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે સરકાર તેના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતું ભંડોળ એકત્ર કરી શકતી નથી. આવી સ્થિતિમાં કાં તો ટેક્સ કલેક્શન વધારવું પડશે અથવા ખર્ચ ઘટાડવો પડશે. સૌથી અગત્યની બાબત એ છે કે જીએસટી સિસ્ટમ મહેસૂલ વસૂલાતની બાબતમાં પાછળ રહી ગઈ છે. ગયા નાણાંકીય વર્ષમાં, રિફંડ પછી જીએસટી કલેક્શન જીડીપીના ૬.૧ ટકા જેટલું હતું, જ્યારે ૨૦૧૬-૧૭માં જીએસટીમાં સમાવિષ્ટ કર જીડીપીના ૬.૩ ટકા જેટલો હતો. એ પણ નોંધવું યોગ્ય છે કે કુલ જીએસટી કરસંપાદનમાં વળતર ઉપકરનો સમાવેશ થાય છે જે પાંચ વર્ષ પછી સમાપ્ત થવાનો હતો.

સરકાર જીએસટી દ્વારા પહેલા કરતા ઓછો ટેક્સ વસૂલ કરી રહી છે એમ માને છે. આ સિવાય અર્થશાસ્ત્રી અરવિંદ પનાગરિયા અને અન્યોએ દર્શાવ્યું છે કે જીએસટી લાગુ થયા બાદ કેન્દ્ર સરકારને રેવન્યુ મોરચે મોટી તંગીનો સામનો કરવો પડયો છે. આવી સ્થિતિમાં જીએસટી સિસ્ટમમાં મહત્ત્વપૂર્ણ સુધારાની જરૂર છે. તેના દર અને સ્લેબમાં સુધારો કરવાથી ટેક્સ કલેક્શનમાં સુધારો કરવામાં મદદ મળશે. સરકારનું તાત્કાલિક ધ્યાન રાજ્યો સાથે કામ કરવા અને જીએસટી પ્રણાલીમાં સુધારા પર હોવું જોઈએ. જો જીએસટીને લઈને સામાન્ય લોકોમાં ખરેખર કોઈ અસ્વસ્થતા કે ગેરસમજ છે, તો સરકારે પ્રત્યાયન સુધારવા માટે કામ કરવું જોઈએ. અધિકૃત પ્રેસ રિલીઝ બંધ કરવાથી માત્ર સંચારનો અભાવ વધશે. જીએસટી કંઈ ચોરી કે લૂંટ તો નથી કે સરકારે લૂંટના માલ અંગેની વિગતો છુપાવવી પડે.


India's one of the largest, innovative & industry useful startups
PharmaCupboard.com
invites you to buy
Excess / Surplus Inventory
at reasonable discounted price
625+ MT materials sold
- API
- Intermediates
- Chemicals
- Solvents
- Excipients
- Packing
- Flavours
- Catalysts
- By products
+91 - 63525 38032
care@pharmacupboard.com
Rajshree Business InnoMarketing Pvt Ltd
201, Maryland Complex, Old Padra Road, Vadodara - 390015
www.pharmacupboard.com


# મહેસાણા જિલ્લા ૪૨ લેઉવા પાટીદાર સમાજના ખોડલધામ સંકુલ સંડેર ખાતે ભવ્ય સમુહલગ્ન યોજાયા



સમાજની ગરીબ દીકરીઓને એક માંડવે એકત્ર કરી ઓછા ખર્ચે લગ્ન કરાવવાની સમુહલગ્નની વ્યાખ્યાને ૪૨ લેઉવા પાટીદાર યુવા સંગઠન અને મહિલા સંગઠને બદલી નાખી. આશરે ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે જાજરમાન ભવ્ય લગ્ન યોજીને નવો જ રસ્તો કંડાર્યો છે. તેમણે સમગ્ર સમાજના લોકોના દિલ જીતી લીધા.

તારીખ ૧૭મી નવેમ્બરે પાટણ જિલ્લાના સંડેર ખાતે નેવું વીઘા વિસ્તારમાં ફેલાયેલ ખોડલધામ સંકુલના પ્રાંગણમાં આ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ૪૨ લેઉવા પાટીદાર સમાજ માટે યાદગાર બની ગયો. ૨૨૦૦૦ ઉપરાંત લોકો આ સમૂહ લગ્નમાં પધાર્યા હતા. સમાજના યુવાનોના અદભૂત માઈક્રો મેમેજમેન્ટના દર્શન કરી લોકો આફ્રિન પોકારી ગયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન લોકોને સહેજ પણ અગવડ કે તકલીફનો સામનો કરવો પડ્યો ન હતો. ખોડલધામ સંકુલ ખાતે ગામડાની જૂની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને બનાવેલ નગરીમાં ૧૧૦૦૦ ફૂટ લાંબા વિશાલ ડોમમાં ૬૧ દીકરીઓને ભૂદેવોના પવિત્ર મંત્રોચ્ચાર વચ્ચે પાંખવા ૨૦૦૦૦ થી વધુ સમાજના ભાઈઓ, બહેનો વડીલો હાજર રહ્યા હતા.

દીકરીઓને લગ્ન મંડપની ચોળીમાં લાવવા માટે ખુબ સરસ આયોજન કરાયું હતું. સૌને એકસાથે એક સરખી રીતે ઢોલ, નગારા અને શરણાઈના સૂરો સાથે ફૂલોથી સજાવેલ ડોલીમાં લાવવામાં આવ્યા હતા. આ દ્રશ્ય ખુબજ ભાવ વિભોર કરનારું હતું.

લગ્ન માટે મુખ્ય મંચ ઉપરથી મુખ્ય ભૂદેવ મંત્રોચ્ચાર દ્વારા વિધિ કરાવતા હતા. દરેક લગ્ન મંડપની ચોળીમાં એક બ્રાહ્મણ તે પ્રમાણે વિધિ કરાવતા હતા. સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે લગ્ન કરાવાયા હતા. લગ્ન મંડપની ચોળીની એક બાજુ વરપક્ષ અને બીજી બાજુ કન્યા પક્ષની બેસવાની સુંદર સગવડ હતી.

દીકરીઓની વિદાય પણ ભવ્ય હતી. આઈસ્ક્રીમ વડે સૌના માંઢા મીઠા કરાવી વિદાય કરવામાં આવી હતી.

પાર્કિંગની વ્યવસ્થાને લઈને લોકોને શંકા હતી કે આટલાંબધાં લોકોની પાર્કિંગની વ્યવસ્થા કઈ રીતે કરાશે , ગમે તેટલી કાળજી રાખવા જશે તો પણ અવ્યવસ્થા સર્જાશે. પરંતુ સૌની ધારણા ખોટી પડી. ૪૦૦૦ ઉપરાંત વાહનો આવ્યા હતા.પરંતુ આયોજન એકદમ સંપૂર્ણ હતું, લોકોને કોઈ તકલીફ ના પડી. પાર્કિંગની વ્યવસ્થા જોઈ લોકો માં માં આગળા નાખી ગયા. દરેક વર અને વધુના ગામમાં જાન માટે બસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આશરે ૨૦,૦૦૦ લોકોએ એકસાથે એકજ મંડપ નીચે ભોજન લીધું. ગામોના જૂથ પાડીને ભોજન મંડપના ડોમ બનાવવામાં આવ્યા હતા. જેથી કોઈપણ પ્રકારની ભીડ કે અવ્યવસ્થાના દર્શન થયા ન હતા.

સમાજના વિવિધ ગામના અને શહેરના ૮૦૦ જેટલા સ્વયં સેવકો દ્વારા ખુબજ ઉત્સાહથી કામ કરવામાં આવ્યું અને સૌએ પોતાને સોંપેલી કામગીરી મન લગાવીને પૂર્ણ કરી, પરિણામ સ્વરૂપ કાર્યક્રમ ખુબ જ સફળ રહ્યો.

૬૧ નવ યુગલોને ૧૮.૬૦ કરોડનો અકસ્માત જીવન વીમો અર્પણ કરાયો. સૌને મેરેજ સર્ટિફિકેટ બનાવી આપવામાં આવ્યા. તેમજ સરકારની વિવિધ યોજનાઓનો સૌને મહત્તમ લાભ મળે તે પ્રમાણે આયોજન કરાયું. દરેક દીકરીને સોના ચાંદીના નાના મોટા ૨૧ દાગીના તેમજ ફ્રીઝ સહીત ૧૩૮ પ્રકારની વિવિધ રૂપિયા અઢી લાખની ભેટ આપવામાં આવી.

આ પ્રસંગે ખોડલધામના પ્રણેતા નરેશભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડિયા સહીત અનેક દાતાઓ આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જયેશ રાદડીયાએ માર્મિક રીતે જણાવ્યું હતું કે સમાજને નડવાનું બંધ કરો તે પણ એક સમાજ સેવા જ છે, જે સમાજના હિત માટે કાર્ય કરે છે તેમને સહયોગ કરવો જોઈએ. લેઉવા પાટીદારનો આવડો મોટો સમાજ છે. આપણા વડવાઓએ ખૂબ મહેનત કરીને મુશ્કેલીઓ વેઠીને પ્રગતિ કરી, જેને લઈને આપણને આ તૈયાર પ્લેટફોર્મ મળ્યું છે.

સૌ સગાસંબંધીને એક સ્થાને મળવાનું થતા લોકો વર્ષોથી ના મળ્યા હોય તેવા સાગા સંબંધી અને મિત્રોને મળીને ખુશીની લાગણી વ્યક્ત કરતા જોવા મળી રહ્યા હતા. સમુહલગ્નનું આ પણ એક હકારાત્મક પાસું છે તેવો સૌએ અનુભવ કર્યો હતો. સંડેર ગમે ખોડલધામ સંકુલમાં યોજાયેલ સમુહલગ્ન અદભૂત ,અકલ્પનીય , અદ્વિતીય અને અસ્મરણીય બની ગયા.

## DCM શ્રીરામ એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને કેલ્શિયમ ક્લોરાઈડ પ્લાન્ટ્સમાં રોકાણ કરશે

DCM શ્રી રામ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને કેલ્શિયમ ક્લોરાઈડના ઉત્પાદન માટેના પ્રોજેક્ટ્સમાં રોકાણને મંજૂરી આપી છે.

બોર્ડે ભરૂચનાઝઘડીયા ખાતે નવી રાસાયણિક સુવિધાઓ સ્થાપવા માટે રૂપિયા ૩૧૦ કરોડના નોંધપાત્ર મૂડી ખર્ચને લીલી ઝંડી આપી હતી, જેમાં દિવસના ૧૦૦ ટન (TPD ) એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને 225 TPD કેલ્શિયમ ક્લોરાઈડ સુવિધાનો સમાવેશ થાય છે.

કંપનીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ 1QFY27 માં શરૂ કરવામાં આવશે અને 225 TPDના ક્લોરિન સિંકની ખાતરી કરશે. ક્વાર્ટર દરમિયાન, કંપનીએ તેનો હાઈડ્રોજન પેરોક્સાઈડ પ્લાન્ટ શરૂ કર્યો, જ્યારે એપિક્લોરોહાઈડ્રિન પ્રોજેક્ટ 4QFY25 સુધીમાં શરૂ થવાની ધારણા છે.

## રાજ્યના ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ માટેના TPI, DPR બનાવવામાં ગતિ શક્તિ વિશ્વ વિદ્યાલયના જ્ઞાન કૌશલ્યનો સહયોગ સરકાર અને વિશ્વ વિદ્યાલય બેય માટે વિન-વિન સિચ્યુએશન છે: રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી અશ્વિની વૈષ્ણવની ગરિમામય ઉપસ્થિતિમાં ૨૩૯ વિદાર્થીઓને વિવિધ વિદ્યાશાખાની પદવી એનાયત કરવામાં આવી હતી. ગતિશક્તિ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ અને દ્રઢ સંકલ્પને કારણે વડોદરામાં આ યુનિવર્સિટી કાર્યરત થઈ છે અને તેમાં એવા અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવામાં આવી છે, જેને બહારના ઔદ્યોગિક સમુહને જરૂરિયાત હોય.

તેમણે એમ પણ જણાવ્યું કે, વડોદરા શહેરમાં ટાટા એરબસનો પ્લાન્ટ પણ કાર્યરત થયો છે અને એરબસને આગામી સમયમાં ૧૫ હજાર જેટલા ઈજનેરોની જરૂરિયાત ઉભી થવાની છે, આ બાબતને ધ્યાને રાખીને ગતિશક્તિ યુનિવર્સિટી દ્વારા એરબસ સાથે સંકલન સાધીને એમને જરૂરી હોય તે પ્રકારે અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે. જે ક્લાસ રૂમમાં ભણાવવામાં આવે છે, તે જ ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ કામ આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.


ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com


## પાનોલીની પાનોલી પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને જીપીસીબીની ટીમે ક્લોઝર આપ્યું

ભરૂચ જિલ્લાના પાનોલી જીઆઈડીસીમાંથોડા સમય પહેલા જીપીસીબીની મોનીટરીંગ ટીમ મોનીટંરીગ કરી રહી હતી તે દરમિયાન વરસાદી પાણીના કાંસ માં રાસાયણિક પાણી વહેતુ નજરે પડ્યું હતું આ અંગે જાગૃત નાગરિક દ્વારા પણ જાણ કરવામાં આવતા જીપીસીબી દ્વારા તેના નમૂના લેવામાં આવ્યા હતા અને વરસાદી પાણીની કાંસમાં કેમિકલયુક્તપાણી ક્યાં થી આવી રહ્યું છે. તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કાર્ય હતા. જેમાં પાનોલી પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાંથી રાસાયણિક અત્યંત એસિડિક પાણી આવી રહ્યું હોવાનું સામે આવતા જીપીસીબી એ સ્થળ તપાસ કરી બને સ્થળે થી નમૂના લીધા હતા અને નમૂના એનાલિસિસ કરવા લેબ માં મોકલ્યા હતા. જે વરસાદી કાંસ વહેતુ અને કંપની માંથી લીધા સેમ્પલ એક હોવાનું સામે આવ્યું કર્યું હતું. જે આધારે વડી કચેરી ખાતે રિપોર્ટ કર્યો હતો. જે રિપોર્ટ આધારે જીપીસીબી વડી કચેરી દ્વારા તાત્કાલિક અસરથી પાનોલી પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી હતી અને તેને ૨ લાખ રૂપિયાનો દંડ તેમજ પાણી. વીજ અને ડ્રેનેજ જોડાણ કાપવાનો હુકમ હતો. જે આધારે ડીજીવીસીએલ અને નોટીફાઈડ પાનોલી વિભાગ દ્વારા જોડાણ કાપી નાખવાની કાર્યવાહી કરી હતી.


FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# હાંસોટના ખરચ ખાતે આવેલ બિરલા સેલ્યુલોઝીકના પ્લાન્ટની કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે લીધી મુલાકાત





ભરૂચના હાંસોટના ખરચ ગામ ખાતે આવેલ બિરલા સેલ્યુલોઝીક પ્લાન્ટની કેન્દ્રીય કાપડ મંત્રીએ મુલાકાત લઈ કાપડ ઉદ્યોગને કઈ રીતે વેગવંતો બનાવી શકાય તે બાબતે ચર્ચા વિચારણા કરી હતી.

ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગોને વેગીલા બનાવવા ભરૂચના ખરચ ગામે આવેલ બિરલા સેલ્યુઝીકના પ્લાન્ટની કેન્દ્રીય કપડાં મંત્રી ગીરીરાજસિંહે મુલાકાત લીધી હતી. ગુજરાતમાં ટેક્સટાઇલ ક્ષેત્રે ઉત્પાદનમાં જોડાયેલા ઉદ્યોગોની કાર્યપધ્ધતિની ટેકસટાઇલ મંત્રી ગિરિરાજસિંહે જાણી ચર્ચા વિચારણા કરી હતી. ઉત્પાદનથી બનતા નાયલોન, વિસ્કોસ, વુલ, સિલ્કને મિક્સ કરી અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું શ્રેષ્ઠ ક્વોલિટીનું અને સસ્તુ કાપડ કઈ રીતે બનાવી શકાય એની જાણકારી મેળવી હતી.

આ મુલાકાતમાં ગ્રાસિમના મેનેજિંગ ડિરેક્ટર એચ કે અગ્રવાલ, યુનિટ હેડ સંજય કુમાર વર્મા અને પ્રોડક્શન મેનેજર મનમોહન સિંગ જોડાયા હતા.

વિસ્કોસ ફાઈબર ઉત્પાદન ક્ષેત્રે બિરલા ગ્રુપનું ઘણું મોટું યોગદાન છે. વિસ્કોસ ફાયબરમાં બિરલા સેલ્યુલોઝએ વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત બ્રાન્ડ બની છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે જણાવ્યું હતું કે, ભારતમાં સાત પીએમ મિત્ર પાર્ક બનાવવામાં આવશે. જેમાં ઓછામાં ઓછી ૧૦૦૦ એકર જેટલી જમીન ફાળવવામાં આવશે.

ગુજરાતમાં ૧,૧૦૦ એકર જેટલી જમીન નવસારીમા ફાળવવામાં આવી છે. જેમાં આગામી સમયમાં ટેક્સટાઇલ પાર્ક તૈયાર કરવામાં આવશે.

## વાપીના ઉદ્યોગકારોએ દરિયા સુધી એફ્લુએન્ટ પાઈપ લાઈન માટે ૨૦ ટકા જ રકમ આપવી પડશે :નાણામંત્રી

રાજયના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ એ વાપી ખાતે વાપી વીઆઈએ દ્વારા અંદાજે રૂ ૧૫ કરોડના ખર્ચે બનવા જઈ રહેલ ૯૮૦ થી વધુ બેઠકનું એસી ઓડિટોરીયમનું ખાતમુહર્ત કર્યું હતું. અદ્યતન ઓડિટોરિયમની કામગીરીનો પ્રારંભ કર્યો હતો.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે વાપીમાંથી નીકળતા ટ્રીટેડ એફ્લુઅન્ટ ઊંડા દરિયામાં છોડવા માટેનો ખર્ચ લગભગ રૂપિયા ૮૦૦ કરોડ જેટલો થઈ રહ્યો છે.આ સંપૂર્ણ ખર્ચ પહેલા ઉદ્યોગકારોએ ભોગવવાનો હતો, જેમાં હવે સરકારે પોતાના બજેટમાં રાહત આપી કુલ ખર્ચમાંથી ફક્ત ૨૦ ટકા ખર્ચ ઉદ્યોગકારોએ કરવાનો રહેશે. બાકીની જોગવાઈ સરકાર તરફથી કરવામાં આવશે વીઆઈએના ઓડિટોરિયમ ખાતમુહૂર્ત પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈ એ જણાવ્યું હતું કે જ્યારે જ્યારે કોઈપણ પ્રોજેક્ટ લેવાની વાત આવી છે, વીઆઈએની આખી ટીમે આગેવાની લઇ ટીમ પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે જે બદલ અભિનંદન આપું છું. વાપીમાં વર્ષ ૧૯૭૫માં ચોમાસામાં અંબા મંદિર, જૈન મંદિર અને જ્ઞાનધામ સ્કૂલ પાસે બે ત્રણ દિવસ પાણી ભરાઈ રહેતું હતું. આ વર્ષે અભૂતપૂર્વ વરસાદ પડ્યો પણ બિલખાડીમાં પાણી ન આવતા પાણીનો ભરાવો થયો ન હતો હવે જીઆઈડીસીમાં વાપીનું સીઈટીપીમાંથી પાણી પણ ન આવે તે માટે વીઆઈએ ચાર રસ્તાથી બિલખાડી સુધીની ડ્રેનેજ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગઈ છે. જેનાથી પણ ઘણો ફાયદો થશે. હાલ ચોખ્ખુ પાણી નદીમાં વહી જતું હતું એટલે નામધા પાસે વિયર બનાવવાનું કામ રૂપિયા ૧૦૨ ના ખર્ચે મંજૂર થયું છે.ગુજરાતમાં સૌપ્રથમ પારડીના ઉમરસાડી ખાતે ફ્લોટિંગ જેટ્ટી બનાવાઈ રહી છે. આ સિવાય પારડીમાં સાયન્સ કોલેજ બની રહી છે. બલીઠા બ્રિજ બે માસમાં ચાલુ થઈ જશે. જે ટાઈપનો બ્રિજ માર્ચના અંત સુધીમાં ચાલુ થશે એ રીતે વિકાસ કાર્ય પૂરજોશમાં હાથ ધરાઈ રહ્યા છે.


વાપીમાં આગ લાગે, અકસ્માત થાય કે ધરતીકંપ આવે તો તેવા આકસ્મિક સમયે સ્થિતિને પહોંચી વળવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર રૂપિયા ૫૦ કરોડના ખર્ચે વાપી જીઆઈડીસીમાં સ્ટેટ બેંકની સામે બનશે.

આ નવા ઓડિટોરીયમનું નામ કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરીયમ આપવામાં આવશે એવી જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ વાપી મેરિલ ગૃપ દ્વારા પાર પાડવામાં આવશે. વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે સૌને આવકારી જણાવ્યું કે દક્ષિણ ગુજરાતમાં આઈકોનિક વાપીમાં ઓડિટોરીયમ બનશે. આ ઓડિટોરીયમ બનાવી આપવા બદલ તેમને મેરિલ ગૃપના એમડી અંજુમ ભાઈ બિલખિયા અને મંત્રી કનુભાઈ દેસાઈ નો આભાર માન્યો હતો. ઓડિટોરિયમની રૂપરેખા વીઆઈએના સેક્રેટરી કલ્પેશભાઈ વોરાએ આપી હતી. વાપી નોટીફાઈડ પ્રમુખ હેમંત પટેલ, મેરિલ ગૃપના નાનુભાઈ બાંભરોલીયા, બાંભરોલીયા, કલ્પેશભાઈ વીઆઈએ એડવાઈઝરી બોર્ડ મેમ્બર મિલનભાઈ દેસાઈ, એ.કે.શાહ, એલ.એન .શેઠ,મહેન્દ્રભાઈ શાહ હાજર રહ્યા હતા.

## પ્રદુષણને લગતા માપદંડ ન જાળવવા બાદલ હ્યુન્ડાઈ, કિયા, મહિન્દ્રા સહિત કંપની પર ૭૩૦૦ કરોડનો દંડ

કેન્દ્ર સરકારે હ્યુન્ડાઈ, કિયા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા સહિત આઠ ઓટોમોબાઈલ કંપની પર ૭,૩૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં પ્રદૂષણના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે. હ્યુંડાઈ પર સૌથી વધુ ૨.૮૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ મામલામાં મહિન્દ્રા બીજા ક્રમે છે, જેના પર સરેરાશ ૧૮૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કિયા ૧૩૦૦ કરોડનો દંડ સાથે ત્રીજા ક્રમે છે. આ સિવાય હોન્ડા, રેનો, સ્કોડા, નિસાન અને ફોર્સ મોટર્સ પર પણ પ્રદૂષણના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.

એનર્જી મંત્રાલયના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE)એ નાણાકીય વર્ષ ૨૨-૨૩ ની શરૂઆતમાં CAFE ધોરણોને કડક બનાવ્યા હતા. નવા નિયમો હેઠળ વાહન કંપની ૧૦૦ કિ મી દીઠ માત્ર ૪.૭૮ લિટર ઈંધણ વપરાશનું લક્ષ્ય હાંસલ કરવું પડશે. આ ઉપરાંત કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન પણ ૧૧૩ ગ્રામ પ્રતિ કિ મી સુધી ઘટાડવું પડશે. દંડની રકમ ડિસેમ્બર ૨૦૨૨ થી બમણી કરતા એનર્જી કન્ઝર્વેશન એક્ટ ૨૦૦૧ હેઠળ, નિયમોનું પાલન ન કરવા બદલ મહત્તમ ૧૦ લાખનો દંડ લાદવામાં આવે છે. વર્ષ ૨૦૨૨માં આ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ૧૦ લાખનો દંડ ઉપરાંત વાહન કંપની હવે માઈનોર ડિફોલ્ટ માટે ૨૫૦૦૦ રૂપિયા પ્રતિ વાહન અને મોટા ડિફોલ્ટ માટે ૫૦૦૦૦ રૂપિયા પ્રતિ વાહન ચૂકવવા પડશે.



# ગુજરાતમાં ગ્રીન પ્રોજેક્ટ્સ સાથે ગ્રામીણ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા યુપીએલની પહેલ





## ગ્રામ પંચાયત સાથેની ભાગીદારીમાં યુપીએલ દધેડા ગામમાં ૨.૫ એકરનું તળાવ અને તલોદરામાં ૧૧ એકરનું તળાવ બનાવી રહી છે

ભરૂચઃ – ગ્રામ પંચાયત સાથેની ભાગીદારીમાં તેના સમાવેશક વિકાસ અને વૃદ્ધિના થિમેટિક ફોકસ એરિયાના ભાગરૂપે યુપીએલ ગુજરાતના ઝઘડિયા તાલુકાના તલોદરા અને દધેડા ગામોમાં અસરકારક પ્રોજેક્ટ્સ દ્વારા ટકાઉ વિકાસ માટે તેની પ્રતિબદ્ધતા મજબૂત કરે છે. આ પહેલ સામુદાયિક જોડાણને પ્રોત્સાહન આપવા સાથે કુદરતી સંસાધનોને જાળવી રાખવા પર ધ્યાન આપે છે.

આ પહેલ હેઠળ યુપીએલ વરસાદી પાણીના સંગ્રહ વધારવા તથા ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે તલોદરા ગામમાં ૧૧ એકરનું તળાવ બનાવી રહી છે. આ પ્રયાસના ભાગરૂપે તળાવની સીમા ફરતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ગ્રીન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે તથા બાયોડાયવર્સિટીને વેગ આપવા માટે ૧૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભરૂચના અધિક કલેક્ટર એન આર ધાંધલ, ભરૂચના સહાયક વનસંરક્ષક આર ડી જાડેજા, ઝઘડિયાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (વાઈલ્ડલાઈફ) સુશ્રી મીના, ઝઘડિયાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (સોશિયલ ફોરેસ્ટ્રી) આર એસ રાહવીર, યુપીએલ ઝઘડિયાના યુનિટ હેડ પ્રવિણદાન ગઢવી અને યુપીએલના વાઈસ પ્રેસિડેન્ટ-સીએસઆર રિશી પઠાનિયા ઉપસ્થિત રહ્યા હતા. આ તળાવની વોકવે અને સીટિંગ સાથે કાયાપલટ કરવામાં આવી રહી છે જે પર્યાવરણ અને સમુદાય બંને માટે લાભદાયક જગ્યા બનશે.

આ જ પ્રકારે દધેડામાં યુપીએલ જળ સંવર્ધન અને ટકાઉ વિકાસને ટેકો આપવા માટે ૨.૫ એકરનું તળાવ વિકસાવી રહી છે. આ પ્રોજેક્ટમાં વરસાદી પાણીના સંગ્રહને વધારવા, સ્થાનિક ખેતીને લાભ પૂરો પાડવા અને ભૂગર્ભ જળ સંસાધનોને ફરીથી ભરવા સહિતની કામગીરીનો સમાવેશ થાય છે. સમુદાયને જોડવા માટે અને કુદરતી સંસાધનોના સંવર્ધનમાં સામૂહિક પગલાં લેવાના મહત્વ પર પ્રકાશ પાડવા માટે એક ફ્રેન્ડલી ક્રિકેટ મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં સ્થાનિક ટીમોએ ખેલદિલીની ભાવના સાથે સ્પર્ધા કરી હતી જેમાં જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી રાઠોડ, જીઆઈડીસી ઝઘડિયાના નોટિફાઇડ એરિયા ઓથોરિટીના આસિસ્ટન્ટ એન્જિનિયર આકાશ વસાવા અને યુપીએલ ઝઘડિયાના યુનિટ હેડ પ્રવિણદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલ અંગે યુપીએલના સીએસઆર-વાઈસ પ્રેસિડેન્ડ રિશી પઠાનિયાએ જણાવ્યું હતું કે “યુપીએલ ખાતે અમારો હેતુ જવાબદાર પ્રથાઓ દ્વારા સમાજમાં ટકાઉ તથા હકારાત્મક પરિવર્તન લાવવાનો છે. અમારી સામુદાયિક પહેલોના કેન્દ્રમાં સમાવેશ વિકાસ અને વૃદ્ધિ મહત્વપૂર્ણ છે. તળાવો વિકસાવીને, વૃક્ષો વાવીને અને ઈકોલોજીકલ બેલેન્સને પ્રોત્સાહન આપીને અમે કુદરતી સંસાધનોને પુનઃસ્થાપિત કરવા અને સામુદાયિક સુખાકારીને વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. આ પ્રયાસો ગ્રામીણ સમુદાયોને તેમના પર્યાવરણના કર્તાહર્તા બનવા માટે સશક્ત કરે છે જે વધુ હરિયાળા અને સૌના માટે સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે અમારા વિઝન સાથે જોડાયેલા છે.” સ્થાનિક લોકોને પ્રોત્સાહિત કરતા ભરૂચના અધિક કલેક્ટર એન આર ધાંધલે જણાવ્યું હતું કે “દધેડા અને તલોદરામાં યુપીએલ જે કામ કરી રહી છે તે શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કરે છે કે કેવી રીતે જાહેર-ખાનગી ભાગીદારીથી જળ સંવર્ધન અને જૈવવિવિધતા જેવી મહત્વની જરૂરિયાતો સંતોષી શકાય છે. આ પહેલ પર્યાવરણ તશા સમુદાયની સુખાકારી બંને પર કાયમી અસર છોડશે.” આ પ્રયાસો પર્યાવરણના જતન અને ટકાઉ વિકાસ માટે યુપીએલની પ્રતિબદ્ધતા દર્શાવે છે અને સુનિશ્ચિત કરે છે કે સમુદાયો તંદુરસ્ત ઈકોસિસ્ટમ સાથે ટકી શકે છે.

## UPL યુનિવર્સિટીમાં બાયોલોજિકલ ઘટકોના વિભાજન અને શુદ્ધિકરણમાં ‘ડાઉનસ્ટ્રીમ પ્રોસેસિંગઃ ડિસ્લિનેશન‘નો ઉપયોગ વિષય પર પરિસંવાદનું આયોજન



અંકલેશ્વરની UPL યુનિવર્સિટી દ્વારા ‘‘ડાઉનસ્ટ્રીમ પ્રોસેસિંગઃ ડિસ્લિનેશન‘નો ઉપયોગ કરીને બાયોલોજિકલ ઘટકોનું વિભાજન અને શુદ્ધિકરણ કરવું’’ વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરની UPL યુનિવર્સિટી ઑફ સસ્ટેઇનેબલ ટેકનોલોજી દ્વારા આજ ૩૦ નવેમ્બરના રોજ ‘‘ડાઉનસ્ટ્રીમ પ્રોસેસિંગઃ ડિસ્લિનેશનનો ઉપયોગ કરીને બાયોલોજિકલ ઘટકોનું વિભાજન અને શુદ્ધિકરણ કરવું’’ વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન IICHE-SRICT સ્ટુડન્ટ ચેપ્ટર હેઠળ ડિપાર્ટમેન્ટ ઑફ કેમિકલ એન્જિનિયરિંગ આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્યોગનાં વ્યાવસાયિકો, શિક્ષાવિદો, સંશોધકો, અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પરિસંવાદમાં રસાયણિક ઉદ્યોગના પ્રણેતા સ્વ. પદ્મશ્રી ડૉ. કેકી ઘરડાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સેમિનારમાં UPL યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. શ્રીકાંત જે. વાઘ, ઘરડા કેમિકલના એસો.વાઈઝ પ્રેસિડેન્ટ ઉત્તમકુમાર ખત્રી, UPL યુનિવર્સીટીના પ્રમુખ અશોક પંજવાણી સહિતના આમંત્રીતો ઉપસ્થિત રહ્યા હતા.


PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

samarth.mhas@gmail.com
www.samarthmhe.com
Prakash Bhut
78749 41886
Samarth
Material Handling Equipment
M-1, Plot No: 311/83, Rajat Pharma, Opp. Zydus Cadila (Unit-1), GIDC, Ankleshwar - 393 002

I I कौशल्यं श्रेष्ठबलं तदैव राष्ट्रस्य उत्थानकारणम् I
HMP
VOCATIONAL TRAINING INSTITUTE
Govt, Approved “SKILL INDIA,”
Affiliated, through E.V.I.
“SKILL INDIA”- CERTIFICATE IS VALID FOR GOVT, JOB, ALSO.
[SUPPORTED & GUIDANCE BY – L&T]
ADMISSION OPEN

| Sr No | TRADE | QUALIFICATION | AGE LIMIT |
|---|---|---|---|
| {1} | AOCP | Std.12,or ITI/ Dip. Pass/Fail | 16 to 30 years |
| {2} | ELECTRICIAN | Std.10, pass. or ITI/DEE/Pass/Fail | 16 to 30 years |
| {3} | FITTER | Std.9, pass or ITI/DME/Pass/Fail | 16 to 30 years |

CONTACT:- PRINCIPAL HMP VTI - KHAROD.- MOB. No.9687810005/6355217329
..NH-8, - GIDC Panoli, Kharod, Nr. Public school...

T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 92658 26814
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

Sahebrao G. Fand
Mo: 98980 56462, 92275 56462
VISHAL TILES & MARBLE CO.
Plot No. 7320, G.I.D.C., Karmatur Chokdi, Ankleshwar - 393 002.
RAINBOW GALICHA TILES & CHIPS IND.
Plot No. 731/9, G.I.D.C., Karmatur Chokdi, B/h. Vishal Tiles, Ankleshwar - 393 002.
Manufactures & Contractors For All Kinds of Galicha, Plain, Mosaic, Terrezo & Composed Marble Tiles, Rubber MouldPaver & Chequred Tiles Etc.

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002